હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

આપણે અહીયાં સારુ છે ને ? જુઓ અહી એક પેટી દારૂ લાવવા વાળાને પણ પકડી પાડે છે...! આર.ડી.એક્સ.ની તો વાત જ નહીં...!!

ગાંધીનગરમાં ફિક્સ પેના કર્મચારીઓ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર અપાયુ

ગાંધીનગર, તા. ૧૭

રાજ્યભરમાંથી આજે ફિક્સ પગારમાં કામ કરતા વિવિધ કચેરીના કર્મચારીઓ ગાંધીનગર કલેક્ટર પહોંચ્યા હતા અને તાત્કાલિક ફિક્સ પે પોલીસી રદ કરવામાં આવે તથા આનુસાંગિક લાભો ભવિષ્યમાં ચૂકવવામાં આવે તે બાબતે કલેક્ટરને આવેદન પત્ર આપવામાં આવ્યુ હતુ. ટીમ ગુજરાત સંગઠનના સભ્યો હાજર રહ્યા હતા.

ગુજરાત રાજ્યમાં છેલ્લા ઘણા વર્ષોથી ફિક્સ પે ના કર્મચારીઓ ફિક્સ પે દૂર કરવા વિરોધ કરી રહ્યા છે. આજે ટીમ ગુજરાત સંગઠન દ્વારા ગાંધીનગર જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યુ હતુ.

જેમાં ૧૬ ફેબ્રુઆરી ૨૦૦૬ની અને અન્ય ફિક્સ પે નીતિને મૂળ અસરથી તાત્કાલિક રદ કરવામાં આવે, સુપ્રિમ કોર્ટ ખાતે પડતર ફિક્સ પગાર અંગેની પીટીશન તાત્કાલિક વિડ્રો કરવામાં આવે ફિક્સ પે અને રેગ્યુલર પે ના કર્મચારીઓ વચ્ચેનો તફાવત દૂર કરવામાં આવે અને આનુસાંગિક લાભો એરિયર્સ વગેરે ભવિષ્યમાં ચૂકવવામાં આવે તેવી માગં કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ફિક્સ પે ના કર્મચારીઓ હાજર રહ્યા હતા.

મગોડી ખાતે પી. આર. ઠક્કર વિદ્યાવિહારમાં વક્તૃત્વ સ્પર્ધા યોજાઇ

પી આર ઠકકર વિદ્યાવિહાર મગોડીમાં નટુભાઈ ઠક્કર ફાઉન્ડેશન અમદાવાદના સહયોગથી ગાંધીનગર તાલુકા શાળાઓની વકતૃત્વ સ્પર્ધા યોજાઈ. આ સ્પર્ધામાં ગાંધીનગર તાલુકાની લગભગ૨૦ શાળાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. સ્પર્ધાના અંતે વિજેતા વિદ્યાર્થીઓને નટુભાઈઠકકર ફાઉન્ડેશન દ્વારા ટ્રોફી તેમજ રોકડ પારિતોષિક એનાયત કરવામાં આવ્યા. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા ડૉ. પ્રતિભાબેન શાહ, જયંતીભાઈ ઠકકર, ભરતભાઈ ઠક્કર, પ્રમુખશ્રી નવનીતભાઈ પટેલ, જયંતિભાઈ શાહ, વીપીનભાઈ પટેલ તેમજ શાળાના આચાર્ય મનુભાઈ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા.

રૂપાલમાં મંદિર પાસે વરલી-મટકાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર નજીક આવેલા રૂપાલ ગામમાં દશામાંના મંદિર પાસે વરલી મટકાનો જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીના આધારે પેથાપુર પોલીસે દરોડો પાડી વરલી મટકાનો જુગાર રમી રહેલા એક શખ્સને પકડી પાડયો હતો. દશામાના મંદિર પાસે જોઈતા કુબેરજી ઠાકોર નામનો શખ્સ આ જુગાર રમાડી રહ્યો હતો. પેથાપુર પોલીસની ટીમે દરોડો પાડીને રૂપાલના ઠાકોર વાસમાં રહેતા આરોપી જોઈતા ઠાકોરને દબોચી લીધો હતો. તેની પાસેથી વરલી મટકાના આંક લખેલી ચીઠ્ઠીઓ તથા રોકડ રૂ.૧૫૪૦ સહિતનો મુદ્દામાલ જપ્ત કરી તેની સામે જુગારધારાની કલમ હેઠળ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રવિદાસ જન્મજયંતિની શોભાયાત્રા મોકુફ

ગાંધીનગર, તા. ૧૭

તાજેતરમાં જમ્મુ-કાશ્મીરના પુલવામાં ભીષણ આત્મઘાતી ત્રાસવાદી હુમલામાં માતૃભુમી માટે ૪૦ વીર જવાનો શહીદ થયા છે. ત્યારે શહીદ જવાનોને શ્રધ્ધાંજલિ સાથે સંત શ્રી રોહિદાસ સેવા સમાજ સેકટર-૬ ગાંધીનગર દ્વારા તા.૧૯ ફેબ્રુઆરીના રોજ યોજાનાર રવિદાસ જન્મજયંતિની શોભાયાત્રા મોકુફ રાખવામાં આવી છે. તેમજ રથના દર્શન નિજ મંદિરે થશે અને તે પછીના સંસ્થાના કાર્યક્રમ ચાલુ રાખવામાં આવશે.

ખીચોખીચ પશુઓ ભરીને લઈ જવાતો ટ્રક રણાસણ સર્કલ પાસેથી ઝડપાયો

૩૧ પશુઓને બચાવાયા : કતલખાને લઈ જવાતા હોવાની આશંકા

ડભોડા નજીક આવેલા રણાસણ સર્કલ પાસેથી બાતમીના આધારે ડભોડા પોલીસે ખીચોખીચ પશુઓ ભરીને લઈ જવાઈ રહેલો ટ્રક પકડી પાડ્યો હતો. આ ટ્રકમાં ૩૧ પશુઓ ભર્યા હતા. આ તમામ પશુઓને મુક્ત કરી ને બચાવી લેવાયા હતા. આ પશુઓને કતલખાને લઈ જવાઈ રહ્યા હોવાની પ્રાથમિક તપાસમાં શંકા સેવાઈ રહી છે. ડભોડા પોલીસે રૂ.૧૧.૨૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને ત્રણ શખ્સો સામે ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડભોડા પોલીસની ટીમને બાતમી મળી હતી કે રણાસણ સર્કલ પાસેથી પશુઓ ભરેલો ટ્રક પસાર થવાનો છે. આ બાતમીના આધારે વોચ ગોઠવીને રણાસન સર્કલ થી પસાર થયેલા આ બાતમી વાળા ટ્રકને પકડી પાડવામાં આવ્યો હતો. ટ્રકમાં તપાસ કરતા અંદરથી ૨૫ નાના પાડા અને ૬ નાની પાડી મળીને કુલ ૩૧ પશુઓ ખીચોખીચ ભરેલા મળી આવ્યા હતા. ટ્રકમાં પશુઓ ભરીને લઈ જઈ રહેલા પાટણના ગુજરાત હાઉસિંગ બોર્ડમાં રહેતા ભાવેશ પરબત ઝાલા અને ડીસાના રાજપુર વિસ્તારમાં રહેતા વસીમ રબાની કુરેશી નામના બે શખ્સોને દબોચી લઈ પૂછપરછ કરતા પાટણના અબ્બાસ નામના શખ્સ પાસેથી આ પશુઓ લાવ્યા હોવાનું ખુલ્યું હતું. ટ્રકમાં ભરેલા પશુઓ હલનચલન પણ ન કરી શકે તેવી રીતે ભરવામાં આવ્યા હતા અને પ્રાણીઓની સાચવણી અંગેના અધિનિયમનો ભંગ ખુલ્લેઆમ કરવામાં આવી રહ્યો હતો. ડભોડા પોલીસે પશુ અને મુક્ત કરીને ટ્રક સહિતનો મુદ્દામાલ જપ્ત કરી ત્રણ શખ્સો સામે ગુનો દાખલ કરીને બેની ધરપકડ કરી દીધી છે. તો બીજી તરફ છોડ આવેલા પશુ અને હાથીજણ આશા ફાઉન્ડેશન ખાતે મોકલી આપ્યા છે.

ગુજરાત ઠાકોર સમાજ મહિલા અનામત સમિતિ દ્વારા ધરણા યોજાયા

ગુજરાત ઠાકોર સમાજ મહિલા અનામત સમિતિ દ્વારા ઠાકોર સમાજની મહિલાઓની વિવિધ સમસ્યાઓને લઈ ગાંધીનગર સત્યાગ્રહ છવણી ખાતે ધરણા પ્રદર્શન કરવામાં આવ્યા હતા અને સરકાર સમક્ષ વિવિધ માંગણીઓ

કરવામાં આવી હતી. સત્યાગ્રહ છાવણી ખાતે ગુજરાત ઠાકોર સમાજ મહિલા અનામત સમિતિએ ધરણા યોજયા હતા અને સરકાર સમક્ષ ઠાકોર સમાજને ઓબીસીમાંથી ૧૫ ટકા અલગ વસ્તીના ધોરણે અનામત વિધવા બહેનોને માસિક રૂ. ૫૦૦૦ પેન્શન આપવું દરેક જિલ્લામાં ઠાકોર સમાજના બાળકો માટે આદર્શ નિવાસી શાળાઓ અને હોસ્ટેલ બનાવવી તથા ઠાકોર વિકાસ નિગમમાં રૂ. ૫૦૦૦ કરોડ ગ્રાન્ટ ફાળવવા માંગ કરવામાં આવી છે.

આજે જિલ્લા કોંગ્રેસની વિશેષ કારોબારી બેઠક મળશે

ગાંધીનગર, તા. ૧૭

આગામી ૨૮મી ફેબ્રુઆરીએ અમદાવાદ ખાતે મળનાર અખીલ ભારતીય કોંગ્રેસ સમિતિની ૫૯ વર્ષ પછી ગુજરાતમાં યોજાનાર ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ૫૯મા રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીના પ્રમુખપદે ઐતિહાસિક કોંગ્રેસ કાર્યકારીણીની બેઠક યોજાનાર છે. સદર કાર્યકારણીની બેઠકમાં યુ.પી.એ. ચેર પર્સન શ્રીમતી સોનીયા ગાંધી, પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહ અને રાષ્ટ્રીય મહામંત્રી પ્રિયંકા ગાંધી તેમજ સમગ્ર ભારતવર્ષના કોંગ્રેસ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ અને કોંગ્રેસનું સમગ્ર રાષ્ટ્રિય નેતૃત્વ ગાંધી-સરદારના ગુજરાતમાં પધારનાર છે. તેજ દિવસે ઐતિહાસિક અડાલજની વાવની નજદિક તેમજ પવિત્ર એવા શ્રદ્ધાના કેન્દ્ર સમા અડાલજ સ્થિત ત્રિમંદિરના પટાંગણમાં રાહુલ ગાંધી વિશાળ 'જન સંકલ્પ સંમેલન'ને સંબોધશે. સદર કાર્યક્રમને અનુલક્ષીને બીજા કાર્યક્રમોનું પણ આયોજન કરેલ છે. આ ઐતિહાસિક કાર્યક્રમ જયારે ગાંધીનગર જિલ્લામાં યોજાનાર છે.

આ કાર્યક્રમને સફળ બનાવવાના ભાગરૂપે આવતીકાલે તા. ૧૮-૨-૧૯, સોમવારે બપોરે ૨.૩૦ કલાકે જિલ્લા પંચાયત હોલ ગાંધીનગર ખાતે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસની વિશેષ કારોબારી બેઠક જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભીના અધ્યક્ષસ્થાને જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી મંગુબેન ચૌધરીની વિશેષ ઉપસ્થિતિમાં સદર કાર્યક્રમમાં પ્રદેશ આગેવાનો તેમજ જિલ્લા નિરિક્ષકો પણ ઉપસ્થિત રહેનાર છે.

ઉવારસદ પાસે ટ્રકની અડફેટે બાઈકચાલક યુવાનનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૭

કોલવડા પાસે આવેલા સોનીપુર ગામના ૮ વર્ષના બાળક સહિત ત્રણ રહિશો એક બાઈક ઉપર તારાપુર ખાતે જાનમાં જવા નીકળ્યા હતા તે દરમિયાન રસ્તામાં ઉવારસદ ગામની સીમમાં બેફામ જતી ટ્રકે બાઈકને ટક્કર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈક પર સવાર ત્રણેય સવારો ફંગોળાઈને રસ્તા પર પટકાયા હતા અને ગંભીર રીતે ઘાયલ થયા હતા. ત્રણ પૈકી એક યુવાનનું કરુણ મૃત્યુ નીપજ્યું હતું જ્યારે બેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ ઘટના મામલે અડાલજ પોલીસે ગુનો દાખલ કરીને ફરાર થઈ ગયેલા ટ્રક ચાલકને ઝડપી પાડવા તજવીજ શરૂ કરી છે.

કોલવડાને અડીને આવેલા સોનીપુર ગામના જુના વાસમાં રહેતા કમલેશભાઈ રમેશજી ઠાકોર, દિપકજી બાબુજી ઠાકોર અને તેમનો આઠ વર્ષનો ભત્રીજો અંકિત ગઈકાલે સવારે ૧૧ વાગ્યાના અરસામાં એક બાઈક પર સોનીપુર થી તારાપુર ગામ તરફ જાનમાં જતા હતા. ઉવારસદ ચોકડી પાસે પાછળથી બેફામ ગતિએ આવતી ટ્રકે તેમના બાઈકને જબરદસ્ત ટક્કર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો અને બાઈક પર બેઠેલા આઠ વર્ષીય બાળક સહિત ત્રણેય બાઈક સવાર રસ્તા પર પટકાયા હતા. આ અકસ્માતમાં બાઈક ચલાવી રહેલા દિપકજી ઠાકોરને માથાના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી જ્યારે અન્ય બે બાઈક સવારને સામાન્ય ઈજાઓ થઈ હતી. આ અકસ્માત બાદ ટ્રક ચાલક ટ્રક સાથે ત્યાંથી રફુચક્કર થઈ ગયો હતો પરંતુ આસપાસની પસાર થતા રાહદારીઓ ઊભા રહી ગયા હતા અને તાત્કાલિક એમ્બ્યુલન્સ બોલાવીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે બાઈકચાલક દીપકનું આ અકસ્માતમાં કરૂણ મૃત્યુ નીપજયું હતું જ્યારે અન્ય બે બાઈક સવાર સારવાર અર્થે લઈ દાખલ કરાયા હતા.

ગાંધીનગરમાં વિશ્વકર્મા જયંતિએ શ્રમિક સન્માનનો ગૌરવશાળી સમારોહ સંપન્ન

'શ્રમ એવ જયતે' સાકાર કરતાં ૧૩૫ શ્રમિકોને ૧૭.૬૦ લાખના વિવિધ પુરસ્કારો એનાયત-૧૭ ધન્વંતરી રથનું લોકાર્પણ : આંતકી હુમલામાં શહીદ વીરોને શ્રદ્ધાંજલિ અપાઈ

ગાંધીનગર, તા. ૧૭

દેશના વિકાસ અને રાષ્ટ્ર નિર્માણમાં શ્રમશકિતને જવાન અને કિસાન શકિત પછીની એક

મહત્વપૂર્ણ શકિત ગણાવી છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, કૃષિપ્રધાન આપણા દેશમાં કિસાન શકિતને અને દેશની સુરક્ષા કરતાં જવાનોની શકિતને જય જવાન જય કિસાનના નારાથી સન્માન-ગૌરવ અપાય છે. આ જ પરિપાટીએ રાષ્ટ્રના-રાજયના વિકાસમાં પોતાનો પરસેવો રેડીને કડી મહેનતથી શ્રમ કરનારા શ્રમિકની શકિત પણ એટલી જ મહત્વની શકિત છે.

મુખ્યમંત્રી ગાંધીનગરમાં વિશ્વકર્મા જયંતિ અવસરે રાજય સરકારના શ્રમ અને રોજગાર વિભાગ આયોજિત શ્રમ પુરસ્કાર અર્પણ સમારોહમાં સંબોધન કરી રહ્યાં હતા.

તેમણે શ્રમરત્ન, શ્રમભૂષણ, શ્રમવીર અને શ્રમશ્રી-શ્રમદેવી એવી વિવિધ કેટેગરીમાં ૧૩૫ શ્રમિકોને ૧૭.૬૦ લાખ રૂપિયાના પુરસ્કારો એનાયત કર્યાં હતા.

આ અવસરે રાજયના અસંગઠિત ક્ષેત્રના બાંધકામ શ્રમયોગીઓને કામકાજના સ્થળે જઈને આરોગ્ય સેવા પૂરી પાડતી ૧૭ ધન્વતરી રથ-ડિસ્પેન્સરીનો પણ વિજયભાઈ રૂપાણીએ પ્રસ્થાન કરાવી લોકાર્પણ કર્યો હતો. મુખ્યમંત્રીએ જમ્મુ કશ્મિરના પુલવામા થયેલા આંતકી હુમલામાં શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ આપતાં કહ્યું કે, દેશની એકતા અખંડિતતાને તોડવા માંગનારા તત્વો સામે આખો દેશ એક થઈને મુકાબલો કરશે લડત આપશે.

શ્રમ અને રોજગારમંત્રી દિલીપકુમાર ઠાકોરે પારિતોષિક મેળવનાર શ્રમયોગીઓને અભિનંદન પાઠવતા કહ્યું કે, ગુજરાત ઔદ્યોગિક ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે ત્યારે, ઉદ્યોગગૃહમાં કામ કરતા શ્રમયોગીઓને પ્રોત્સાહિત કરવા શ્રમયોગીઓની કોઠાસૂઝને બિરદાવવાનો પ્રયાસ રાજય સરકાર કરી રહી છે અને પ્રતિ વર્ષ રૂપિયા ૮.૮૦ લાખથી વધુ રકમના એવોર્ડ આપવામાં આવે છે.

લોકસભા ઈલેક્શન લડવા ભાજપમાં બેઠક દીઠ સરેરાશ ૭ અને કોંગ્રેસમાં ૧૦ દાવેદાર મેદાનમાં

દિલ્હી જવું હોય તો હમણાં શાંતિ રાખો, નવી સરકાર બનવા દો પછી ડેપ્યુટેશન પર જઇ શકાશે

વ્યક્તિ વૃદ્ધ થતો નથી તેના વિચારો વૃદ્ધ થાય છે, સ્પેનમાં જુઓ ૭૩ વર્ષે વ્યક્તિ યુવાન હોય છે

ટાઈમ લાઈન

- ગૌતમ પુરોહિત

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ શરૂ થઈ છે. બન્ને પાર્ટી-- ભાજપ અને કોંગ્રેસે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા શરૂ કરી છે. જીતી શકે તેવા ઉમેદવારો મેળવવા માટે બન્ને પાર્ટીઓએ બાયોડેટા મંગાવ્યા છે જેમાંથી પ્રદેશ કક્ષાએ કેટલાક નામો ફાઈનલ કરી રાખ્યાં છે જેના પરથી પ્રદેશની ચૂંટણી સમિતિ ત્રણ નામોની પેનલ બનાવશે અને નવી દિલ્હી સ્થિત હાઈકમાન્ડમાં મોકલી આપશે. ભાજપના અંતરંગ વર્તુળોમાંથી મળેલી માહિતી પ્રમાણે લોકસભાની ૨૬ બેઠકો પૈકી સરેરાશ પ્રત્યેક બેઠકમાં ૭ નામો સામે આવ્યા છે. એટલે કે કોઈ એક બેઠકમાં ભાજપ પાસે ત્રણ થી પાંચ ઉમેદવારો હોઈ શકે છે, તો કોઈ બેઠકમાં પાંચ થી દસ દાવેદારોએ રજૂઆત કરી હોય છે. એવું જ કોંગ્રેસની પસંદગી સમિતિમાં થયું છે. કોંગ્રેસમાં એક બેઠક માટે સરેરાશ ૧૦ દાવેદારો ઉભા થયેલા છે. ઘણી બેઠક એવી છે જ્યાં કોંગ્રેસ હારી શકે છે તેવી બેઠકોમાં એક કે બે નામ છે પરંતુ જ્યાં કોંગ્રેસ જીતી શકે છે તેવી બેઠક પર દાવેદારોની સંખ્યા ૧૫ સુધી પહોંચી ચૂકી છે. આ વખતે ગુજરાત કોંગ્રેસમાં લોકસભાની ચૂંટણી લડવા ઈચ્છુક દાવેદારોની સંખ્યા ૨૫૦ જેટલી થવા જાય છે જ્યારે ભાજપમાં ૧૮૦ ની આસપાસ અરજીઓ આવી છે. બન્ને પાર્ટી છેલ્લી ઘડીએ હાઈકમાન્ડમાં જે નામો મોકલવાની છે તેમાં ત્રણ નામની પેનલો જશે, એટલે કે બાકીના દાવેદારોના નામ ગુજરાતમાંથી જ કમી થઈ જશે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ ૧૨ થી ૧૫ ઉમેદવારોને રિપીટ કરવાના મૂડમાં નથી. આ વખતે કોંગ્રેસ તેની પાર્ટનર પાર્ટી એમનસીપી માટે બે કે ત્રણ બેઠકો ખાલી કરી શકે છે, જો કે ભાજપ તમામ ૨૬ બેઠકો એકલાહાથે લડવાનું છે.

રાજ્યના અધિકારીઓનું દિલ્હી ડેપ્યુટેશન-- હમણાં નહીં...

ગુજરાતના આઈએએસ અધિકારીઓના સેન્ટ્રલ ડેપ્યુટેશન પર જવાના સપનાં હમણાં પૂરાં થાય તેમ લાગતું નથી, કેમ કે લોકસભાની ચૂંટણી પહેલાં ગુજરાત સરકાર વધુ કોઈ ઓફિસરોને ડેપ્યુટેશન પર જવાની પરવાનગી આપી શકે તેમ નથી. બીજી તરફ કેન્દ્ર સરકારમાં પણ ડેપ્યુટેશન માટેની કોઈ ડિમાન્ડ હમણાં બોર્ડ પર હોય તેમ લાગતું નથી. રાજ્યના વેટ કમિશનર પી.ડી.વાઘેલાને ગયા વર્ષે જાન્યુઆરીમાં ગુજરાત સરકારે એડિશનલ ચીફ સેક્રેટરીનું પ્રમોશન આપ્યું છે. તેઓને ભારત સરકારે ગયા જુલાઈ મહિનામાં એમ્પેનલ્ડ પણ કર્યા છે પરંતુ હજી સુધી દિલ્હીના કોઈ મંત્રાલયમાં તેમનું પોસ્ટીંગ થયું નથી. તેઓ હાલ ગુજરાતમાં જીએસટી વિભાગનો હવાલો ધરાવે છે. આ સંજોગોમાં ગુજરાત સરકારના વધુ એક આઈએએસ ઓફિસર ડી. થારાએ ગુજરાત સરકારને લખ્યું છે કે તેમને ડેપ્યુટેશન માટે જવું છે. તેઓ હાલ ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ - જીઆઈડીસી-માં મેનેજીંગ ડિરેક્ટરનો હોદ્દો ધરાવે છે. રાજ્ય સરકાર બજેટ સત્ર દરમ્યાન કે ત્યારપછી જ્યારે બ્યુરોક્રેસીમાં ફેરફાર કરવા જઈ રહી છે ત્યાં સુધી તો હમણાં ડેપ્યુટેશનની કોઈ ફાઈલ ક્લિયર થાય તેમ નથી. સચિવાલયના સૂત્રો કહે છે કે આ વખતે સરકાર વિભાગોમાં મોટાપાયે ફેરફારો કરવા માગે છે જેમાં ઉદ્યોગ, મહેસૂલ, ઉર્જા, ગૃહ, પ્રવાસન, વન અને પર્યાવરણ, પંચાયત, આરોગ્ય, શિક્ષણ અને શહેરી વિકાસ વિભાગમાં ઉચ્ચ અધિકારીઓની બદલી થવાની સંભાવના છે.

માનવી ક્યારે વૃદ્ધ બને છે?, જાણો દેશોના અંક મીટર...

તમે જાણતા નથી કે તમને કઈ ઉંમરે સફળતા મળે છે. ફીટનેસ અને લાઈફ સ્ટાઈલ બદલીએ તો ઉંમર દેખાતી નથી. ઉંમરનો પ્રેમ પર કન્ટ્રોલ નથી હોતો, કારણ કે કોઈપણ ઉંમરે પ્રેમ થઈ શકે છે. તમે કોઈપણ ઉંમરે ડાન્સ કરી શકો છો, મ્યુઝીક સાંભળી શકો છો. કોઈપણ ઉંમરે તમે હસી શકો છો. કોઈને પણ ગમે ત્યારે મદદ કરી શકો છો. મિત્રો બનાવી શકો છો. જીવનમાં ઉત્સાહ ભરી શકો છો. કોઈ લેખકે સાચું જ કહ્યું છે કે -- એજ ઈઝ એ જસ્ટ નંબર -- વ્યક્તિની ઉંમર એ માત્ર નંબર છે, એ સિવાય કંઈ નથી. શરીરમાં વિવિધ રોગ હોવા છતાં ૭૬ વર્ષના અમિતાભ બચ્ચનની સ્ફૂર્તિ જોઈ શકાય છે. ૯૨ વર્ષના લાલકૃષ્ણ અડવાણી આજે પણ રાજનિતીમાં એક્ટિવ છે. માનવીને ક્યારે વૃદ્ધ કહેવામાં આવે છે તેના માટે એક રસપ્રદ સંશોધન થયું છે. વિશ્વના ૩૦ દેશોમાં વિવિધ વયની વ્યક્તિઓની ઓલ્ડ એજ ને કન્સીડર કરવામાં આવે છે. સૌથી વધુ ૭૪ વર્ષની ઉંમર ધરાવતા વ્યક્તિને સ્પેનમાં વૃદ્ધ કહેવાય છે. ચીલી અને કમ્બોડિયામાં ૭૧ તેમજ આર્જેન્ટીના, બેલ્જીયમ, ઈટાલી, મેક્સિકોમાં વૃદ્ધનું લેબલ ૭૦ વર્ષે લાગે છે. આપણને જાણીને આશ્ચર્ય થશે કે ભારતમાં ૬૪ વર્ષની વ્યક્તિને વૃદ્ધ કહેવામાં આવે છે. ૬૪ની યાદીમાં માત્ર ભારત જ નહીં, ચેસ રિપબ્લિક, પોલેન્ડ, હંગેરી અને તુર્કિનો સમાવેશ થાય છે. આ તમામ દેશોમાં વ્યક્તિને ૬૪ વર્ષે ઘરડો માનવામાં આવે છે. વિશ્વમાં સ્પેનનું અંક મીટર સૌથી ઊંચુ છે.

દેશમાં નેશન ફર્સ્ટની ભાવના ભડકી ઉઠી છે...

નેશન ફર્સ્ટની ભાવના કેળવાય એ દેશ અને તેની જનતા માટે સારી બાબત છે. પુલવામા ના આતંકી હુમલા પછી તમામ રાજકીય પક્ષોએ સરકારને ટેકો આપતાં દેશમાં મુશ્કેલની ઘડીમાં એકતાના દર્શન થયા છે જે જવાનોની શક્તિને સૌથી વધુ બળ આપે છે. માત્ર એક ટકા લોકો કે જેઓ સંવેદનશીલ મુદ્દાઓ ઉપર વિવાદ સર્જે છે તેને નજરઅંદાજ કરી આપણે ૯૯ ટકા લોકો યુનાઈટેડ છીએ તે એક મોટું એટિવમેન્ટ છે. સલામ છે મુકેશ અંબાણી અને નિતા અંબાણી ને, કે જેમણે રિલાયન્સ ફાઉન્ડેશન થકી શહીદ ઝઈંહ્લ જવાનોના પરિવારનો સમગ્ર ખર્ચ ઉઠાવવા માટે બાળકોના અભ્યાસ અને રોજગારીની વ્યવસ્થા કરવાની તત્પરતા દર્શાવી છે. ફિલ્મસ્ટાર અમિતાભ બચ્ચને પણ શહીદ જવાનોના પ્રત્યેક પરિવારજનને પાંચ-પાંચ લાખ રૂપિયાની સહાય કરવાનું નક્કી કર્યું છે. ભારતના ઢનાઢ્ય મંદિરોએ પણ ઉદાર હાથે ફાળો આપ્યો છે. નામી અને અનામી તમામ લોકો-- કે જેઓ કોઈને કોઈ વ્યવસાયમાં સંકળાયેલા છે તેમણે જવાનોના પરિવારજનોને યથા શક્તિ ફાળો આપ્યો છે, જેમાં અમદાવાદના ચાયવાળાની પણ ભાવનાને સલામ છે, કે જેણે એક દિવસની કમાણી જવાનોના પરિવારજનોને અર્પણ કરી છે. ભારતની નવી પેઢી ગણાતા સ્કૂલોના બાળકોએ પણ યથાશક્તિ ફાળો એકત્ર કર્યો છે. આ તબક્કે ફિલ્મસ્ટાર અક્ષયકુમારનું ''ભારત કે વીર'' એપ લૉંચ કરવાનું ધ્યેય પણ સરાહનિય પગલું છે.

પાકિસ્તાન સાથે શસ્ત્ર નહીં પાણી યુદ્ધની જરૂર છે...

પાકિસ્તાન એ આતંકવાદી પ્રવૃત્તિ માટે કુખ્યાત છે તેવું સમગ્ર વિશ્વ કહે છે, પરંતુ તેને યોગ્ય પાઠ તો હિન્દુસ્તાનની ધરતી જ ભણાવી શકે છે. ૧૯૪૭માં અખંડ ભારતના ભાગલા પડ્યા પછી બન્ને દેશોના ઈજનેરો વચ્ચે સિંધુ નદીના પાણી માટે કરાર થયા હતા. આ કરાર માત્ર ૩૧ માર્ચ ૧૯૪૮ સુધી જ વેલિડ હતો ત્યારબાદ સિંધુના પાણી પાકિસ્ચાનમાં જતાં રોકવાના હતા. ભારતે થોડો સમય પાણીનો જથ્થો અટકાવ્યો ત્યારે પાકિસ્તાને વૈશ્વિક મદદ માંગી હતી. આખરે ૧૯૬૦માં જળસંધિ થઈ હતી. આજે જો આતંકી હુમલા પછી વિશ્વના ૪૦ દેશો ભારતની પડખે હોય તો— ભારતે યુદ્ધ નહીં પણ પાકીસ્તાનમાં જતું પાણી અટકાવવું જોઈએ. ૧૯૬૫, ૧૯૭૧ અને ૧૯૯૯ના ભારત-પાક વચ્ચે યુદ્ધ થયું હતું તો પણ ભારતે પાણી અટકાવ્યું ન હતું પરંતુ હવે મોકો છે. ભારત સરકાર સિધુંના પાણી અટકાવી શકે છે. જો તેમ થાય તો તે પણ યુદ્ધ બરાબર છે. પાકિસ્તાનમાં પાણીની અછત થાય છે ત્યારે તેના શાસકો બેબાકળા બનીને ભારત તરફ નજર દોડાવે છે. આ એક જ ફટકો એવો બની શકે છે કે પાકિસ્તાન લાચાર બનીને આતંકવાદ સામેની લડાઈમાં વિશ્વને ટેકો આપવા તૈયાર થાય. આ નદી ૩૧૮૦ કિલોમીટર લાંબી છે અને તેના કાંઠે ચાર દેશોના ૩૦ કરોડ લોકો રહે છે. ભારતમાં તેનો વિસ્તાર ૩૯ ટકા છે. આપણે યુદ્ધ નથી જોઈતું, કેમ કે તેમાં સૌથી વધુ ખુવારી અને જનપિડા પેદા થાય છે.

ફિલ્મ ઇન્ડસ્ટ્રીઝમાં અક્ષય તેરા જવાબ નહીં હૈ...

બોલીવુડમાં અક્ષયકુમારની તોલે કોઈ આવી ન શકે, કારણ કે તેણે રૂપિયા કમાવાની સાથે સાથે રૂપિયા સારા રસ્તે ખર્ચ પણ કર્યા છે. અક્ષયે ડાન્સ દિવાને શો માં પ્રભદીપ સિંહ કે જે બોલી કે સાંભળી શકતા નથી તેને પાંચ લાખ રૂપિયા આપ્યા હતા. ભારતીય જવાનોના પરિવારોને મદદ કરવા 'ભારત કે વીર' નામની મોબાઈલ એપ લૉંચ કરી છે. આ એપમાં જમા થયેલા રૂપિયા શહીદ વીરોના પરિવારજનોને આપવામાં આવે છે. સલમાન ખાનની એનજીઓ બિઈંગ હ્યુમનમાં તેણે ૫૦ લાખનું દાન કર્યું છે. ચેન્નાઈના પૂરમાં અક્ષયે એક કરોડ રૂપિયા આપ્યા છે. ખતરોં કે ખિલાડીના સ્પર્ધકના પિતાની કેન્સર સારવાર માટે ૨૫ લાખ આપ્યા હતા. તેણે એક પંજાબી ભક્તિ સોંગ 'નિરગુન રખ લિયા...' ગાયું હતું અને તેના મ્યુઝીક વિડીયોમાંથી જે કમાણી મળી તે તેણે ટ્રેન બોમ્બ બ્લાસ્ટના માર્યા ગયેલા વ્યક્તિના પરિવારોને આપ્યા હતા. અક્ષયે મુંબઈમાં મહિલાઓ માટે વિનામૂલ્યે માર્શલ આર્ટ્સ સ્કૂલ ખોલી છે જેમાં ૪૦૦૦ મહિલાઓ તાલીમ લેવા આવે છે. જ્યૂસ કંપનીની બ્રાન્ડને એન્ડોર્સ કર્યા પછી દુકાળને કારણે રો-મટીરિયલ ન મળતાં કંપનીના કહેવાથી અક્ષયે તેની ફી અડધી કરી નાંખી હતી. એન્ટરટેઈનમેન્ટ ફિલ્મના પ્રમોશન સમયે ડિફેન્સ ઓફ એનિમલ્સ શો માં ભાગ લઈને ૩.૬૦ લાખનું દાન કર્યું હતું. ફિલ્મના પ્રોડ્યુસર રવિ શ્રીવાસ્તવની બન્ને કિડની ફેઈલ થતાં તેમની પાસે સારવારના રૂપિયા ન હતા. અક્ષયે તેમને ૧૫ લાખ રૂપિયાની મદદ કરી હતી. જો કે અક્ષય તેમને મળવા જઈ શક્યો ન હતો. આવી દિલેરી અને ઉદારતા બહુ ઓછા ફિલ્મસ્ટાર્સમાં હોય છે.

'હમ હૈ સીધે સાદે અક્ષય': મેન ફોર મિશન - જાણો દિલેર ફિલ્મ સ્ટાર અક્ષય કુમારની ઉદારતા